૫૫૯૨

# અભયસીંગ કેસરીસીંગ ના નાટકના ગાયનો.

રચનાર તથા છપાવી પ્રસીદ્ધ કરનાર

પા૦ રણછોડદાસ ભાઇચંદ
આમલીવાળા

(આવ્રત્તી ૧લી. પ્રત ૧૦૦૦)



સુરત
"ધી રાઇઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં ગંગારામ આત્મારામ પંડીતે છાપ્યાં.
સંવત ૧૯૫૦ શને ૧૮૯૪
કીમત ત્રણ આના.

૫૫૮૯

# અભયસિંહ.-કેશરીસિંહ.
# નાટકના ગાયનો.



સુત્રધાર— ૧

નમું કર જોડીને શીવ સુતને

પ્રથમ સ્તુતિ હું કરૂં છું તમ તણી, શુભ મતી, શુભ ગતીયો અતી,

યશ થતી, ગણપતિ, વિઘ્ન દુર કરો, સ્હાયે થઈને,

જોડીને શીવસુતને.—કર

તવ શરણ છું તવ ચરણ છું દુઃખ હરા,

તનથી, ધનથી, મનથી, યાચીએ, રાચીએ, કરૂં સ્મરણ તુજ.

પ્રથમ કર જોડી, દુંડાળા સુંઢાળા, ગજાનના.

કરજો અહિં સ્હાયે સર્વને, નમીએ તજી ગર્વને

સ્તવન તનથી અમન કરીએ, સ્મરીએ ઉચરીએ, તમને— જોડીને.

નટી— ૨

વંદું વિશ્વપતિને, ત્રાતા દાતા સહુ સૃષ્ટિના— વંદું

આરંભે પ્રભુ નામ તમારૂં (૨) સ્મરીએ, હસીને, ધસીને—વંદું

સ્તવન કરૂં તારૂં એક ચિત્તે (૨)

મોરારી, તમારી, ઉચારી, બલીહારી,

રમીને, નમીને, ગમીને, ભમીને.

કટી કસી, પાસે ધસી, પુજ્જું હસી, રહી ઠસી, નવ ખસી.
ઉર ૧થી છબ્બો તારી, મજુ પ્યારી. હાં, હાં, હાં, હાં- ૧ંડુ

૩

**શેરખાં**-હમ બડે સીપાઈકે લડકે હે સુન બનીયા.
હમ બડે ખાંસાબકે લડકે, હે સુન બનીયા.
સબકો પે સેઝા પ્યાર, પેંસા બીન હું લાચાર.
ખાલી ખીસ્સા હેય યાર, ઉસકા કરતા બીચાર.
બંદા હુયતો હુશીયાર, મગર પેંસેસેં ખ્વાર.
ક્યા કરના દોસ્તદાર, હું મેં લાચાર લાચાર.- હમ
આમતો કરના કુછ બીચાર, કરકે ચોરીકા બેપાર.
ખાના બગીચેકી બહાર, લેકે અત્તર ફુલેલ.
કોઈકા ગલા કાટે, ઓર કોઈકું જમીનમેં દાટે.
એસે બ્હોત ફંદમેં લાતે, મગર કરના ખુબ સ્હેલ.
બસ બસ કરના ખુબ સ્હેલ, બડા બંધવાઇગે મ્હેલ.
કરકે ચોરીકા ખેલ, ઉસમેં ખાવેંબી જેલ.- હમ

**પનાજી**— ૪

મેં તો બણીઆ ખબડદાર મોંકી લાડીજી હુશીઆર
લાડીજીરે કાજે મેં તો મારવાડસેં આયો,
બ્યાજ બટારા ધંધામેં સબ ઘરકો દામ ગુમાયો- મેં તો
લાડીજીરે લબશી ભાવે, માકો તો હલવાઈ.

પૈયાખીના કરણો કેસા, પૈચેરી નવાઇ- મેં તો.
દામ મીલે નહીં દમડી પાસે, ખાણેકો તો ચ્હઇએ,
તીન દીનરા હુવા કડાકા, કટે જાઇંરે કહીએ- મેં તો.
આંગી બેચી જુતો બેચો, બેચી શીરરી પઘરી,
લાડીજી રેવાણને બેઠા, બેચી જ્યારે ઘઘરી- મેં તો

**આભયસીંહ—** ૫.

ખીલી રહી ચંપા કલી સુંદર મનહર, સુખ કર બાગની માંય.
સારી સારી ખુશબો લેતાં ત્યાંય, પ્યારી પ્યારી દીલને શાન્તિ થાય.
ન્યારી ન્યારી ખુબ ખીલી છે ત્યાંય, ભારી ભારી
ગુલ બગીચા માય;- ખીલી.
ફુલ ફુલે ખુશ્બો ભર્યા, અમન ચમન આનંદ ભર્યા રે
જાવું જાવું જલદી બાગની માંય, આવી પનીઆરી
હશે ત્યાંય- ખીલી.
રૂમઝુમ કરતી એ નારી, લટકમટક ફરતી પ્યારી રે,
આવી હશે ત્યાં દુલારીરે પાણી ભરવા ઠગારી રે ખીલી.

**પનીઆરીઓ—** ૬

ચાલો ચાલોરે સાહેલીઓ સાથ પાણી ભરવાને,
લીઓ લીઓરે ઘડુલીઆ હાથ આનંદ ધરવાને,
હળતાં મળતાં વાતો કરતાં, જળ ભરવાને માટરે
જઇએ સહુ સાહેલી સંગે, રંગે રમતાં વાટ, પાણી ભરવાને ટેક.

સુંદર મનહર બગીચા અંદર ફરતા સહુ સાહેલીરે,
રૂમઝુમ રૂમઝુમ ચંચળ ચાલે, ચાલો સહુ અલબેલી પાણી ભરવાને

**અભયસીંહ—** ૭

બની રહયો ગુલતાન, ભાળી નારી બની રહયો ગુલતાન.
ચાલંતી માલંતી વાણી મધુરે કેવી કરેછે ગ્યાન—ભાળી નારી
નીર ભરેછે ને નેહ કરેછે, વાંકા વાળીને વાન— ભાળી નારી
એક કટાક્ષને અણીઆળી આંખે, નરનું ભુલાવે ભાન- ભાળી ના-

**પનીઆરીઓ—** ૮

ખસો ખસો કુંવરજી મારગ દઈએ અમનેરે,
શાણા છો સુલક્ષણા શું કહીયે તમનેરે- ખસો.
છે રાજ તણી એ રીતી, પ્રજા પર રાખો પ્રીતી,
નવ ધારો મન અનીતિ, ઉભા છીં શરમાઇ આધીન
થઇ હુકમનેરે- ખસો.
શીદ રોકોછો પરનારી, નહિં સારી રીત તમારી,
મારગ મૂકો વિચારી, સાંખી રહીએ મોટા જાણી
ખાઇ ગમનેરે- ખસો.

**અભયસિંહ-**

જો જાવું હોય પનીઆરી, તો નામ કહો ઝટ નારી;

**પનીઆરીઓ—**

કહીએ તે કેમ ઉચારી હારી જાશું નહિં તમારા દેખી દમનેરે ખસો

**અભયસિંહ—**

ઘનને મયૂર ચહે જેમ પ્યારે, તેમ તમ વાણ મધુરીરે,
નામ એનાર તણું શ્રણવાને, મુજ મરજી છે પુરી,
કહીદો વાર થાયછે,

**પનીઆરીઓ—**

નથી કહેતાં પરનારી જોઈએ કેમ રોકાય છે,

**અભયસિંહ**— કહયા વિના હું જોઉંછું ત્યારે કેમ જવાયછે,

**પનીઆરીઓ—**

બહુ ઝગડો થાસે ભારી, બહુ વિપરીત થાશે ભારી,

**અભયસિંહ—**

કરવા છઇએ તૈયારી, નામ કહયા વીણ ન જાવા
. દઇશું તમનેરે– ખસો.

**વીહો—** ૯

બાપા ગયા રૂખમણી કાકીના ઘરમાં સવારે,
પાછળ પાછળ હું ગયો તો, જોવાને તે વારે– બાપા
છાનામાના ઘરમાં પેઠા, ગાદી તકીએ જઇને બેઠા
આપણે જઇને ઉભા છેટા, એટલે આવ્યા સિપાઇ બેટા.
બાપાજી ને મારી લાત, ઘડયો એમનો ખાસો ઘાટ,
એટલે કેમ કરવા માંડયું જો, વોય મારા બાપરે
ઉરરરરર મરી ગયોરે, મારા બાપલા— બાપા

માર પડચો કે રોવા બેઠા, મનમાં બહુ ચિંતામાં પેઠા.
પછી હાથ ખીસામાં ઘાલ્યો, રૂપૈઓ સિપાઇને આલ્યો,
તેણે લઇ ગજવામાં ઘાલ્યો, છાનોમાનો ત્યાંથી ચાલ્યો,
પછી પકાવ્યાં પૂરી શાક, તે સાથે હુતો દુધપાક,
પાપડનો પણ આડો આંક, ભરત કર્યું બાકી વંત્યાક,
પાપડ બોલે કડા કડ, ફડકા બોલે ફડાફડ,
ઓય મારા બાપરે, દાઝી મુઓરે દાદા, ફું ફુફુફુ
કેવી મજા પડી, લેતાં કડ કડ વડી, ઉપર પીધી કઢી,
પછી સાંજ પડી, બીતા બીતા આવ્યા પછી બાપલા.

તારાલક્ષ્મી— ૧૦

જળ ભરવા હું ગઇ તીરે, સખી સંગે મારી,
આડા આવી કુંવરજીરે, રોકી સહુ પનીઆરી.
સાહેલી સંગે મળી, ગયાંતાં ભરવા નીર,
પનઘટ પર પાણી ભરી, લીધા ઘડુલા શીર,
પાછા વળતાં મારગમાંરે, કુંવરજી ઉભા રહીને,
રોકી રાખ્યા અમોનેરે, બે દરવાજા દઇને— જળભરવા
મશ્કરી મારી કરી, પૂછ્યું મારૂંજ નામ,
શરમાણી સહુ તે ઘડી, સાહેલી તમામ,
વીનવણી અમારીરે, સુણી ન જરા એણે.
નામ કહ્યું સખીએરે, મારગ મૂક્યો તેણે— જળ.

તારાલક્ષ્મી— ૧૧

અરે દુઃખ કયાં હું ઉચારૂં રે, બળે ભડકે મન મારૂં રે,
હું છું સતી મને પતિ મળ્યો, પણ નાનકડો ભરથાર,
સંસારની રીતી સમજે નહીં, મારો એળે ગયો અવતાર—અ
આવી મને અહીં મારી તમાચો, ફુલાણો મનની મ્હાંય,
શૃંગાર સુખમાં સમજે નહીં, મને લાગેછે ભડ ભડ લ્હાય—અરે
હાય જશે કેમ મુજ જન્મારો, નાના પતિની સંગ,
નાના છોરૂમાં રમતો ફરે, હાય એથી શું રમીએ રંગ—અરે
દેખી એને દીલ મારૂં દાઝેછે, ચરચર ચીતડું થાય,
ઘરમાં આવીને નીત્ય બબડે, દુઃખ એ કેમ ખમાય—અરે

વિદુષક— ૧૨

એમના ઘરની શી કહું કથા, બોલ બોલ્યું નહીં એક વૃથા,
ઘરમાં દ્રષ્ટિ કરતાં કાંઇ, સાવરણી સરખીછે નહિં.
ચાર ખુણે ચાર એકાદશી, વચમાં ગોકુળ આઠમ વસી.
અન્ન વસ્ત્રને આબરૂ વિના, જે જોઇએ તે શી કમીના.
વધુ વદું શુ મુખે ભણી, દરિદ્ર ભાઇની પધરામણી.

કંચની ઓ— ૧૩

નૃપતિ છબી તારી, (૨) લાગેછે બહુ પ્યારીરે—નૃપતિ
ચંદ્રપ્રભા તેજ મુખે બીરાજે, નીરખી નીરખીનેજાઉં વારીરે—નૃપ
જળહળ જોતું જાણે પ્રકાશી, તમ પર જાઉં બલીહારીરે—નૃપતિ

અંગ સુવાર્ણ છે અતિ ઉજવળ, ઈન્દ્ર વદન તેજ ભારીરે–નૃપતિ
બેઠા સિંહાસન રાજ કરોછો, મોતીની માળા અંગે ધારીરે–નૃપતિ
કીર્તિ પસારી જગમાંહે સારી, અવિચળ રહો ગાદી તારીરે–નૃપતિ

૧૪

સર્વ માજન– લાજ લીધી ઓ બાપ લાજ લીધી,
તમ કુંવરોએ બેઅદબી કીધી– ઓ બાપ.
ફોજમલચંદ– અબેસોહુ ગયા પનઘટ પર ફરવા,
મફતચંદ– ફરવા શાના એ મશ્કરી કરવા,
હોકાચંદ– સાંભળ સાંભળ તું બોલેછે શું ફરવા,
મફતચંદ– ઠઠ્ઠા કરે વહુ છોડીની ત્યાંય કહો કેમ-
ખમાય– લાજ.
પાનાચંદ– કાળા કેર બન્ને કુંવરે કીધા,
બેઉ દરવાજા બંધ કરી દીધા.
કપુરચંદ– પછી પનીઆરી રોકવાને સીધા,
મફતચંદ– આવી ઉભા મારગની મ્હાંય કહો
કેમ ખમાય– લાજ.
વીરચંદ– રોકી મારગમાં સહુ પનીઆરી,
કીધા ઠઠ્ઠા બન્નોએ બહુ ભારી.
પાનાચંદ–પૂછયું નામ એક નોહાળી નારી,
મફતચંદ– એ તો નેવ તણા નીર મોભે જાય, કહો

કેમખમાય- લાજ લીધી

**હરખચંદ**- જબર જસ્તીથી પૂછ્યું છે નામ,

**ફોગટચંદ**- અમે મળીને માજન તમામ,

ખાલી કરીએ છીં તમારૂં ગામ.

**સર્વે સાથે**-જઇને રહીશું બીજા શેહેર માંહાય, કહો કેમ

ખમાય- લાજ લીધી.

**ચંપકસેન**- ૧૫

કપુત કુંવર ઉઠયા કુચ્છંદી, ફંદીએ કુળની માંય,

પરનારી રોકી પનઘટ પર, સુણતાં લાગે લ્હાય.

કલંક દીધું ભારી, થઈ દુષ્ટ મતિ ન્યારી.

ઉઠયા અંગારા એ મુજ કુળમાં, નામ લજાવ્યું મારૂં

અસી ગ્રહીને હસ્તજ મારે, એના શીશ ઉતારૂં,

ગઇ લજ્જા મારી, દેશ પાર કરૂં હારી.

**ચંપકસેન**- ૧૬

ધીક કીધીબુદ્ધી શી આ નઠારી.

દુષ્ટો તમે કાંઇ વિનચારી, નીજ આબરૂ વિસારી,

નીતિ રાહ દીધી છોડી, મુજ નીયમોને તોડી-ધીક

દુર દુર જાઓ જરૂર, નહિતો કરીસ ચૂર, કીધી છે

અનીતિ પૂર, હે નાદાન, ભલીભાન, કીધું છે ઘણું તોફાન

લાજ વિનાના લંપટો થયા આવચારી- ધીક

**સર્વ સભા—** ૧૭

અરર આ સજાય નરાવ દેવાય (૨)
કહીએ છે એ કરગરીને, દઇએ માફી દીલ ધરીને કુંવરની દયાવ
જાય, લ્હાય, થાય, હાય, કુંવરની દયાય, હ્રદય ફાટી જાય,
સુણતાં ત્રાસ જાય, એથી નહીં ખમાય- અરર.
કોમળ કુંવર જાય હાય હાય.
ભુખે તરસે જંગલમાંય બન્ને બિચારા દુઃખી થાય કોણુજ
કરશે સ્હાય, દુઃખ, થાય, દેહ, માંય.- કોણુજ કરશે
આર શીક્ષા સ્હાય, આપો એને કાંય- અરર.

**કેશરીસિંહ—** ૧૮

છું નિરદોશી (૨) નથી ચાલ્યો કુચાલ.
વગુ વાંકે મુજ રંકને નવ કીજે દેશનીકાલ.
નવ વચન પ્રહાર (૨) મુજ નિરદોષી પર કીજે,
કોમળ છુ કિંકર તમ સેવક, દેશવટો નવ દીજે.
આટલી તકસીર. (૨) આ વખતજ માફી કરીએ.
અરર વખત અનીતિમાં, નવ પાય કદાપી ધરીએ.

**અભયસિંહ—** ૧૯

ચાલ ચાલ ભાઈ રડજે શુ કામ; શું ઇશ આપણોજ નથી?
અહીં બેસી રહેવુ હવે છે હરામ- શું ઇશ
સુણી રહ્યો છે શું વચનોના પ્રહાર- શું ઇશ

નથી રહેવું એના નગર મોઝાર- શું ઇશ

દાંત દીધા છે જે જગપતી રાય- શું ઇશ

તે શું દયા દીલ લેશે નહીં કાંય- શું ઇશ

નથી રહેવું એના ઓશીઆળા ભાઈ- શું ઇશ

રાખ ધીર મ્હારા વીર મન માંઈ- શું ઇશ

રાખ મુજ બંધુ મનમાં તું હામ- શું ઇશ

ચાલ જઇએ લઈ મંજુ કેરૂં નામ- શું ઇશ

ચંપકસેન— ૨૦

જા નફ્ટ નીડર સત્વર નીકળ નહીંતો મારીશ ઠારેરે,

અધર્મ કુકર્મ તજીને નીજ ધર્મ, કરોછો વણ વિચારેરે- જા

લંપટ લંપટ છો તમે નિર્લજ, દમોછો મજાને ભારેરે,

ધિક્કાર ધિક્કાર છે દુષ્ટ તમોને, ત્વરાથી જાઓ આવારેરે—જા

અભયસિંહ-કેશરીસિંહ- ૨૧

બાપુએ બેહાલ કીધા, દેશવટા અમોને દીધા,

વણ વાંકે અવગુણ લીધા. ધિક્કાર અપાર,

દઈ ગણ્યા કુચ્છંદી હાય, ઉઠેછે લ્હાય.

દહન દીલ કીધા- બાપુ

લઘુ બંધુ મુજ કેશરી, બ્હીશ નહીં આકાળ,

જંગલની ઝાડી ગીચે, હું લઇશ તારી સંભાળ,

સંભાળ, લેઈશ તત્કાળ, ફીકર તું ટાળ.- ધિક્કાર

માત મરીગઇ આપણી, તજી તાતની પાંસ,
તેણે તો અળગાં કર્યા, હતી જેહની આશ.
જેહની આશ, તેણે નિરાશ, કર્યાછે ખાસ.— ધિક્કાર.
લખ્યા લેખ લલાટમાં, હશે આપણા એહ,
માત રઝળતા મૂકીને, ગઈ સ્વર્ગમાં તેહ,
સ્વર્ગમાં તેહ, દઇને છેહ, દુઃખના મેહ.— ધિક્કાર.
જઇશું આપણ વન વિષે, ઘોર રાનની માંય,
બેન બિચારી એકલી, ઝુરી ઝુરીને હાય,
ઝુરાને હાય, મ્હેલની મ્હાંય, મરણ તે થાય.— ધિક્કાર

ફકીર— ૨૨

એહી દુનીયામેં અલ્લા સચ્ચા હય,
દુનીયામેં અલ્લા સચ્ચા હય,
યારો સબકા ભરૂસા કુચ્ચા હયરે— મઓલા—દુનિયામેં
કુચ્ચી કાયાકા મત કર ગુમાના,
સચ્ચા સાહેબકા લે તું પમાના,
સબકું ઇસીસે જહન્નતમે જાનારે— મઓલા દુનિયામેં
બેન વાલીદ બીરાદર હય ખોટા,
એ સબ જાનો હય દુનીકા ગોટા,
હોયગા વ્હાં તેરા સચ્ચા કસોટારે— મઓલા દુનિયામેં

અભયસિંહ— ૨૩

શી શોભે કામણગારી, છબી ફાંકડી છે બહુ સારી

ચંપકવરણી મનહર નારી-શી શોભે કામણગારી.
ખટક રહી મનમાં મૃગનયની, શશીવદની સુંદર સારી- ચંપક
નવ ભાળી નજરે કોઈ નારી, તુજ સમાન સ્વરૂપધારી- ચંપક
કનક કળશ કંચુક કસીયાછે, ભ્રગુટીમાં ભુરકી ભારી- ચંપક
અધરામ્રત કયારે તુજ પામીશ, કયારે પામીશ એ નારી-ચંપક
વદન લલીતા તેં મન મ્હારૂં, વશ કીધું છે દીલદારી- ચંપક

**અભયસિંહ—** ૨૪

ઉર્વશી, મન ઠસી, રહી ફલીરે ગુલજારરે પરી
દીલદાર સુંદરી. દીલદાર.
વદન મનોહર ભાળતાં રસીલી,
દેહ તણાં દુઃખ જાય સહુ ટળીરે-ગુલજાર.
ન આવે તુલ્ય તુજ, અવર કો નારી,
અવતરી દીવ્ય દેહ શી ધરીરે-ગુલજાર.
વર્ણન તારૂં, વહું શું લલીતા,
તું પરી. તું ખરી, મન હરીરે-ગુલજાર.
શુદ્ધ, બુદ્ધ, સર્વ ભૂલીગયો ભામિની,
ચાહ છે એક તું ગુલપરીરે-ગુલજાર.

**રાજસીંહ—** ૨૫

સુણી અજાયબ હું અંતરમાં, થાવું ઘણો તનમાં ત્રાસી

દેશવટો દીધો મિત્રને થયો અભેસીંગ વનવાસી.
ક્રુર થયા ચંપક માહારાજા અલગ કીધા એને અંગથી;
હાય જશે જંગલમાં પ્યારો, રમતો જે મુજથી રંગથી.
રાત દીવસ રેહેતો મુજ સાથે, હાય અતી જે આનંદથી;
તે વનવાસી થઇ નીરાસી, જાસે પ્યારો તન મનથી.
અળગા એક એકથી નવ થાતાં, જમતાં બે સાથે બેસી;
સુખ દુઃખનો સંગાથી મારો, હાય થશે શું વીદેશી.
અંતરમાં ઉઠે અંગારા, વાત સુણી વીપરીત ભારી;
વીયોગ સહન થાશે કેમ મુજથી, થાવું ઘણો હું દુઃખકારી.
માત વીનાનો એ મુજ પ્યારો. ન્યારો નવ રેહેતોજ ઘડી;
બેન બીચારી થઇ દુખીઆરી, મરશે એની રડી રડી.
જાવુ જરૂર એની સંગાથે, થાવા સુખ દુઃખનો બેલી;
જાવું ઝપાટે નહીંતો અહીંથી, જાસે એ મુજને મેલી.
મીત્ર તણી રીતીની ભીતી નવ તોડું અનીતીથી;
કરવા મુજ બંધુની સેવા, જાઉં જંગલમાં મીતીથી. સુણી
આભયસિંહ— ૨૬
બેન બની બહુ માઠી અમારી, સુણતાં શુદ્ધ જશે અહિં તારી-બેન
દેશાવટા હાય દીધા પિતાએ, આરોપ અમ શીર દઇનેજ ભારી-બેન
ક્રૂર વચનના મહાર કરીને, ધિક્કાર દીધા ઘણા ઘાવકારી—બેન
કહીને કુચ્છંદી વળી દુરાચરણી, વનવાસ કહાડ્યા દયા ન ધારીબેન

રૂપસુંદરી- ૨૭

આ શું વદોછો મારા બંધવા, હાય વરતાયો કેરજી
કોપ્યા ઘણા કેમ તાતજી આણી તમ પર ઝેરજી,
ક્રૂર થયા કેમ તાતજી.
એવો શો અપરાધ તમ તણો, પડયો છે મારા વીરજી,
દેશવટારે શા કારણે, દીધા દમવા શરીરજી,
ક્રૂર થયા કેમ તાતજી.

અભયસિંહ- કુડા કલંક ચડાવીઆ, શીશ અમારે આજજી,
કુછંદી કુકર્મી કહીને, કીધા હમોને ત્યાજજી,
જઇ શું જંગલ વિષે બેનડી.

કેસરીસિંહ-

જઇશુ જંગલ વ્હાલી બેનડી થઇ આજ્ઞા આધીનજી,
રોમા બેની મારી રાંકડી, અવળા આવ્યાછે દીનજી.
જઇ શું જંગલ વિષે બેનડી.

રૂપસુંદરી-મૂકી મને એકલી, જાઓ કોને આધારજી,
આવીશ હું તમ સંગમાં, ભાઇ વન મોઝારજી,
સુખ દુઃખમાં થઇશ ભાગણી.

અભયસિંહ—

લેખ લખ્યા જે લલાટમાં, તે ન ટળ્યા જ થાયજી.
વાધી વેરણ થઇ આપણી, ત્યારે આ દશા થાયજી,

જઇશું જંગલ વિષે બેનડી.

કેશરીસિંહ-

ખુશી રહે ખાઇ પીનેતું પ્યારી બ્હેન આ વાસજી,
રહેજે પિતા પાસે રાંકડી, નવ થાતી નિરાશજી
જઇશું જંગલ વિષે બેનડી.

રૂપશુંદરી-જાઓ કહેતાં જીભ માહેરી કરૂં કટકા અપારજી,
અળગાં થતાં અંગ માહેરૂં કંપે થરર આ ઠારજી,
સુખ દુઃખમાં હું ભાંગણી.

રૂપસુંદરી— ૨૮

મારા ચતુર શોરોમણી ભ્રાંત, વિદેશ જઇ વેહેલા આવજો,
મારા ભાઈ પત્ર પઠાવજો, મારા વીરા પત્ર પઠાવજો,
મારા બંધુ પત્ર પઠાવજો. મારા.
ત્યાં કરી ઘણાં સુભ કાજ, ભાઇ શુભ ખબરો કહાવજો- મારા
રહી ક્ષત્રી ધર્મમાં પૂર, સૂરથી, ડંકો બજાવજો- મારા.

સાધુઓ— ૨૯

નામ નીરંજન સ્મરીએ, નીરંતર નામ નીરંજન સ્મરીએ
જીસીસે ભવજળ તરીએ. નીરંતર
અલગ કરી મનસે મોહ માયા, સચ્ચા સાહેબ સંગ કરીએ
અલખ નીરંજનકા નામ લેકે, પાપ સબી પરહરીએ.-નીરંતર

કચ્ચી કાયાકા નહીં હે ભરૂંસા, કાહેકું ગર્વજ ધરીએ,
જીવ કાયાકી જુઠી સગાઇ, છોડ ચલે ભર દરીએ. નીરંતર
લેના સમાધી સચ્ચા સાહેબકી, ઔર ન મુખસે ઉચરીએ,
સંત સમાગમ કરકે ઓ ભાઇ, ભેખકુ દેખકે ઠરીએ- નીરંતર

સાધુએ— ૩૦

ધીરજ ધરરે મત ડરતું કુંવર કચ્છુ દીલમેં,
હે આશીશ બચન હુંમારા, દુર હોગા બીજ તુંમારા,
ફીકર મત કરરે- મત ડરતું.
ધ્યાન ધરો હર નામકા, કર અપના સાધંન,
જુઠા સબ સંસારમેં, મત લગાના મંન. ધીરજ.
કછુ આન પડી સીર અપના, તબ નામ અલખકા જપના
લે એહી બખતરરે. મત ડરતું.
પેંને ગાજબ અંગપે, બખતર એહ રસાળ,
અદરશ ઈસી બખ્ત તું, રહેગા સુંદીર બાળ. ધીરજ.

કેશરીસીંગ- ૩૧

વાહાર કરો જગત્રાતા તવ શરણે છું દીન દાશ તારો,
મેર કરીને મુજને, મેળવ મીય બંધુ અહીં મારો.
કર કરૂણ તું કૃપાળુ કેમ નથી સુણતો વીનતી મારી,
મળુજી શી તુજ ઉરમાં અરે આવી તકસીર હે જગધારી.

**કેશરીસીંગ—** ૩૨

ફુટયું કર્મ માહેરૂં દુખ તાહેરૂં જોઇ બંધુ મારા,
કયાં તું મુજને મુકીને, જતો રહ્યા પ્રાણ પ્યારા. ફુટયું.
દુષ્ટ પક્ષી કયાં તુજને હરી ગયું મુજ ભ્રાત,
તુજ સંકટ નીહાળતાં. ઉપજે બહુ પરીતાપ,
લાગ્યા જખ્મ ભારી દુખકારી થતાં તુજથી ન્યારાં. ફુટયું.
નથી રેહતી ધીરજ મુજને ,વરશે ઘણી આંશુધારા,
કરો પ્રભુ સાહાય જંગલમાંહે જાણી દાસ તારા. ફુટયું.
દશા શી થઇ તાહેરી, મમ બંધુ દીલજાન
ભમતો મુકયો મુજને' શીદ ભયંકર રાન,
જશે આહીં પ્રાણ નીશ્ચેં જાણ વીયોગેજ તારા. ફુટયું.
જાવું તે કયાં હવે હું હાય, આશા હાલ મારા,
દયા દીલ લાવ પ્રભુ ઉઠાર, આ દુખનાજ ભારા. ફુટયું

૩૩

**ઉરવશી**—કયાંથી તમો આવીઆ, શીછે તમારી જાત;
જલ્દી પાછા જાઓ, નહીંતો થાશે પ્રાંણ ઘાત.
[illegible] છે આ [illegible], નથી કો બીજું આંહ;
[illegible] મુજને દેહમાં, ગયો છે રાન માંય.
[illegible] આ[illegible]. પાછો કરશો આપ હાંણ;
[illegible] [illegible]રા, પાપી લેશે પ્રાંણ.

**અભેશીંગ**-શાંન્ત શાંન્ત શાંન્ત રે, એ શાંન્ત થા તું નારી;
વાત હું પુછું તેનો, જવાબ દે આ વાર.
કહો મને છો કોણ તમે, કયાં તમારો ઠામ;
શા કારણે કેદમાં, પડયાંછો તમે આમ.

**ઉરવશી**-સાંભળો સરદાર, રત્નપુરી મારો ઠામ;
છું પરીની જાત, ઉરવશી છે મારૂં નામ.
કરતીતી ક્રીડા હું, સખી સાથ જળ માંહે;
ત્યાંથી દુષ્ટ દૈત, હરી લાવ્યો મને આંહે.
છું ઘણી દુખી પડીછું, મૌઢ પાપી હાથ;
દે છે દુખ નથી સુખ, એકલી વાણ સાથ.

**અભેશીં**-કાંઇ ફીકર ન કાંમીના, કરો તમે લગાર;
મારૂં દુષ્ટને દમીને, જાણજો આવાર.

**ઉરવશી**-ન મરે એ કુર પુર, જોરા છે અસુર;

**અભેશી**-જોતો ખરી, ઝટક, ચટકમાંજ કરૂં ચુર.

**ઉરવશી**-ના ના એ ઘણુંજ દુષ્ટ પુષ્ટ છે વીક્રાળ;

**અભેશીં**-શાંન્ત થા સુલક્ષણી, આણીશ એનો કાળ.

**અભેશીંગ**— ૩૪

બસ બસ નથી હવે કાંઈ ભાર, મારૂં જઇ પાપીને ક્ષણનાં
ઠીક કીધું તેં સર્વે પુછી લીધી એન વાત,

એક પલકમાં મારૂં જઇને કરૂં દુષ્ટની ઘાત. બસ.
છે આ સુંદીર જાદુવાળી જેષ્ટીકા મુજ પાંસ,
પ્રતાપ એમાં વિસ્મયકારી ચમત્કારી છે ખાસ. બસ.
ફુર ધરીને સુર ધરીને લેવા પાપી પ્રાણ,
લૈ પોપટને મસળી નાંખું વાળું કચ્ચરઘાણ. બસ.

**ઉરવશી—** ૩૫

સત્ય કહો સરદાર હમારા કયાંથીઆવ્યા કયાંજાવછો પ્યારા-સત્ય
સાથનથી કો અવર સંગાથે તેનો શો ભેદ કહો લટકાળા. સ.
દાવ રમીને દઇત દમીને મુજને છોડાવી ટળ્યા દુખ ભારા. સ.
પ્રાક્રમ પુરા છે લઘુવયમાં આવીકરી અહીં આનંદ ધારા. સ.

**અભયસીંહ-** ૩૬

કહું શું કરમની કથા મુજ આંય-નથીરહી બાકી મારેશીર કાંય- ક.
નીહાળીમેં નારી રૂપાળી અતુલ્ય છબી છટાદારી હતું નામ ગુલ-ક.
છબી છે એ નાર તણી મુજપાસ અતી મોહપામી તેને માટે- ક.
ખાસ; ફરૂંછું જંગલમાં જોવા તેનો ઠામ વસેછે એસવર્ગ- ક.
વાડી સુભ ધામ.
નથી ભાળ મળતી મુને ગુલની. હસે કયાં જગ્યાએ
પરી ફુલની,

**અભેશીંગ** ૩૭

પ્યારી પદમની ભોળી ભામની એકામની મધુર.

જોઇ ચપળા ચીતહુર આકૃતી થયોછું કામાતુર. પ્યારી
મુખ કમળ તુજ ભાળતા ઘટે ચંદ્રનો પ્રકાશ.
ભોગી આ ભ્રમરની કયારે પુરાવીશ આશ. પ્યારી.
કંદ્રપ કેલી મન ગમેલી મનહર માહારી પ્રાણ.
આશક છું દીલદાર તું જપર દેતાહીરી સુખ ખાણ. પ્યારી.
ચંપાવરણી અમ્રત ઝરણી છે મુજને તુજ ધ્યાન,
ગુલપરી ગુલ માહરી કયારે કરાવીશ પાન. પ્યારી.

ઉરવશી— ૩૮

જરા ધીરજ ધરો મન પ્યારા. (૨)
વીરહ વ્યાકુળ નવ થાઓ પ્રીય મારા. ધીરજ.
આમ આકળા કેમ થાઓછો, ધીરો ધીરજ દીલદારા. જરા.
લપટ ઝપટ લલચાવી બાળા કરૂં સ્વાધીન તમારા. જરા.
જરૂર ગુલહું મેળવીશ તમને. થાઓ નહીં દુખીઆરા. જરા.
શાન્તી રસ ગંભીર ઘણ ઘુંટો, થશે કાજ સઉ સારા. જરા.

૩૯

કેશરીશીંગ—બેલ બંધુની તુટીજ ગઇ હાય હાય.
જીવન દોરીની જે ગાંઠ તે છુટી ગઇ. હાય, હાય, હાય. બેલ
સુર્યશોકનો છવાઇ રહયો, હાય હાય.
પ્યારો બંધુ કયાં ખોવાઇ ગયો. હાય હાય.

ભુલી ભાન ભમું રાન હું બેભાન થઇ હાય,હાય,હાય, બેલ.
સુખ સર્વે થયા નાશ મારાં. હાય. હાય.
કરો સાહે પ્રભુ આંહે પ્યારા. હાય. હાય.
નથી ભાળ થયો કાળ વીકરાળ કાંઇ હાય. હાય, હાય, બેલ.

૪૦

કેશરીશીંગ—ગયો ક્યાં તજી મને દીલજાન. શોધી વળ્યો
ઠામો ઠામ.

નથી કાંઇ બંધુ તણું મુને ભાન. ગયો.
જંગલે જંગલ ફરી ફરી થાક્યો. જોઇ વળ્યો ગામે ગામ.
તો પણ પત્તો નહીં પ્યારાનો. મળ્યો મુને કોઇ સ્થાન ગયો.
નદીજ જોઇ નાળાંજ જોયાં. ઉંડાં કોતર વિકરાળ.
ગફા ગીરીવર બહુ બહુ જોયાં તોએ મળી નહીં ભાળ. ગયો
શીરે દશા થઇ હશેજ તાહારી. રે મમ હૈયાહાર
તુજ વીયોગે ઉઠે છે મુજને. અંતરમાં અંગાર ગયો.
ક્યારે હશો ભીડ ભંજન માહારો. સૂખ દુઃખનો વીશરામ,
હાય ક્યાં દેખું મુખ પ્યારાનું, જાવું હવે કોણ ધામ- ગયો.
મેહેર કરી પ્રભુજી પ્યારાની, ખબર દે તું નીધાન.
આખર થઇછે અહીંજ મારી ગઇછે મુજને સાન. ગયો.

કેશરીશીંગ ૪૧

સાહે થશો જગ ત્રાતા. સંકટ વીશે સાહે થશો જગત્રાતા

નાથ નીરંજન છો અવીનાશી. શેવકના સુખ દાતા. સંકટ!
દુખ હરતા થઇ કેમ દમોછો. દો મુજને સુખ સાતા. સંકટ
બંધુ વીચોગી કરીને તું વેરણ. કેમ થઇછે વીધાતા. સંકટ
માફ કરો મુજ ગુન્હા પ્રભુજી. માગું છું ગુણ ગાતા. સંકટ.

અભેશીંગ— ૪૨

આહા કેવી શોભેછે દીલજાન.
ઉંઘંતી ઝોકંતી રસીલી છબીલી. મોહાવે. લોભાવે.
સ્નેહ ભરીને. નેહ કરીને. એજ પરીને.
વરીને હસ કરીને. લવુંજ રસ પાંન. આહા.

ગુલઝાંરની સખીઓ ૪૩

ઉઠોરે સાહેલીઓ ઉઠોરે મોહનીયાં.
સખી સાથ, કરો વાત, સુખ થાય, મનમાય.
હોંશ લાવીનેજ કાય.
ઉઠોરે અલબેલીનારી, ઉઠોરે હોંશીલી નારી.
લાગેછે સુરત પ્યારી. છે તમારી બલીહારી.
નથી કો અવરનારી. તુજ સું સ્વરૂપધારી.
ઉઠો ઉઠો પ્યારી મારી, તજો નીંદ્રા તમારી.
આવીછે સખીઓ વારી. કરવા વીલાસ ભારી-
તમસંગ સુખકારી. અમને થાયછે સારી.
હળશું, મળશું, ભળશું, તમશું, રમશું. ગમશું,

ઉઠોરે સુસ્યાણી, જો બહુ ગુણખાણી.
મધુરી છે વાણી, વદા પ્રીતી આણી
પ્યા-રી-હમા-રી-રૂપા-ળી- છોબ્હા-લી
વીનોદ કરીને; સ્નેહજ ભરીને, આનંદ ધરીને આજ.
ધરી અંગમાં ઉમંગ અમસંગ રમો રંગ દુઃખ તણો.
થાશે ભંગ. સુખ તણો. ઝાંમે ઝંદ, નહીં; ઉઠી નહીં.(૩)
ઉઠોરે. ઉઠોરે. અલબેલી આનંદની એલી.
કરો મન મેહેલી, થાશે રંગરેલી, થઇ–મઝા થઇ(૩)
ગઇછે ગઇછે ઉંઘ એની-
[illegible] બેની, કરો સુખ ચેહેની, હતી આશ
[illegible]; ઉઠોરે.

[illegible] ૪૪

[illegible] દીસેછે સકોમળ કેવા.
[illegible] ના, નથી કોઇ બીજા એવા,
[illegible] લમાં રેહેવા. હા. હાં હાં હાં. તરૂણ
[illegible] ઝીલાવું, જો એક વાર [illegible].
[illegible]
[illegible] રહેવા, [illegible]—તરૂણ
ચકોર ચીતડું હર્યુંછે તમે માણના પ્યારા,
કયારે મળશો આ દાશીને, આંખોના તારા.

કોમળ ફરછે કેવા આલીંઘન આપવા જેવા. તરૂણ
જાવો સર્વે સખીઓ સોધી લાવો એને,
મોહીત મનડું થયું છે મારૂં એના નેને,
કરૂં ખૂબ ખાંતથી શોધ, આધરામ્રત લેવા. તરૂણ

**ગુલઝારની સખીઓ—૪૫**

પ્રીચ સખી લઇ આવીએ, એક ક્ષણમાં સોધી લાવીએ,
લપટ, ઝપટ લલચાવી એને, ઝટક ચટકમાં લાવીએ તેને,
મુખ મલકાવી મોહ લગાવી, છળ બળ કળ ચલાવીએ. પ્રીચ.

**ગુલઝારની સખીઓ—૪૬**

જુવો એનો કેવા શોભેછે સકુમાર,
સકુમાર, દીલદાર, હૈયાહાર, પ્રાણાધાર, ચાર. એની.
છે લઘુ વયમાં આવી આનંદમાં,
લેશો આલીંગન, ગુલ સાથે કરી પ્યાર. એની.
અતી રૂપાળા છે રઢીઆળા, જાણે દીસેછે કામતણો અવતાર. એની
મોહ પમાડી, રંગે રમાડી,
કરો છબીલા, છેલાજીને તૈયાર. એની.

**ગુલઝારની સખીઓ—૪૭**

સુતા સુંરે આંહી ( ૨ ) પ્યારારે નાંખી અમને મોહ પાસ.—ટેક
છો મન ગમતા મોહન રસીઆ કાંમ તણો અવતાર,
જ્ઞાન તણો ભંડાર. સુતા.

વીરહ વ્યાકુળ થઈ બેઠી બાળા, જોતી આપની વાટ,
આવ્યાછીં તમ માટ. સુતા.
ચાલો મા[illegible] રંગ મેહેલમાં, રમવા ખાંતે રગ,
સુંદર [illegible] સંગ સુતા.

અભેશીંગ: ૪૮

રસીલી [illegible]ી નારી, ચાલો લટકાળી પ્યારી, ચંચળ
ચીત્ત હરનારી છે.
અજબ રૂપાળી એ રંભા મુજ, પ્રાણથકી પણ પ્યારીછે.
સખીઓ—વારી, વારી, વારી, તમ પર વારી છે.
અભેશીંગ—પ્યારી, પ્યારી, પ્યારી, તમ બલીહારી છે,
સખીઓ—એજ પ્યારીછે.
અભેશીંગ—હાં એજ પ્યારીછે, ચંચળ ચીત હરનારીછે.
સખીઓ—ત્યારે જલદી, પ્યારે જલદી, ચાલો જલદી,
ચાલો જલદી.
અભેશીંગ— રસીલી.

ગુલઝાર— ૪૯

રશીક મધુર ગાયનાર- દુર કયાં થયો
નાંખી મને મોહ પાસ- ચાલ્યો સું ગયો. રસીક.
આવીને અહીંતું પ્રાણ- મારી ગયો મોહ બાણ
લુટી મારી રત્ન ખાણ. લીધી તેં આનંદ લ્હાણ

દંપતી દમી સુજાણુ. કયાંજતો રહયો રશીક
જોઇને જોબન બાહાર. કયાં ગયો કરીને પ્યાર
છેકતેં કરી લાચાર. મારી પ્રેમની કટાર.
કારીઘાએ લાગ્યો હૃદય પરરે વહયો. રશીક

હિલઝાર ૫૦

આવો આવો પ્યારા મારા. પધારો વીલાસી.
પધારો વીલાશી પ્યારા. છું અભીલાસી. આવો.
નાંખી મોહ ફાંશી; ગયાતા કયાં નાશી. સાને માટે કરો
એવી હાંશી; આવો.
કરી કાંમ પ્યાસી. થાવું પરવાસી. નહીં નહીં એતો
રીત ખાશી. આવો.
રમો ખુબરંગે આજથી ઉમગે. જાણી મુજનેજ
નીજ દાશી. આવો.

૫૧

અલેશીંગ—ઘણી પ્રીય તું માણુ, છે અતી સુખ ખાણુ,
મળી આનંદ લ્હાંણુ, રંગ રેલી મચાવી.
રશીલી નાર. તારો અતી છે પ્યાર,
મારી વાહાલી ગુલઝાર, રંગ રેલો મચાવ,
દીલ જાન તું નીધાન (૨) મને તારૂં છે ધ્યાન
પ્યારૂં આપી રસ પાન, ખુબ મને ધરાવ,

છબીલી પ્યાર, તેરો અતી સુખકાર,
મને આપી લગાર, મન મારૂં ઠરાવ,
પ્રીય વાણી મધુર (૨) સુણી થયો ચકચુર,
શસી સમશોભે નુર, પૂર મઝા લુટાવ,
ગુલાબી ગાલ, ઉપજાવે અતી વાહાલ,
મલકાવી મુખ લાલ; મને નહીં સંતાવ,
જોયું જ્યારથી મેં મુખ(૨) દેછે વીરહજ દુખ
પ્યારી ધારી તેનું સુખ, દુઃખ આઘું હઠાવ,
કીકી કામણગારી પ્યારી રાખતારી વારી, મને કરે
ઘાવ કારી પ્રાણ પ્યારી બચાવ.

તું છે ગોરી ગુલઝાર, હું રંગીલો ભરથાર,
તારી મારી જોડી બહાર, બની રહી છે ખાસ,
લેવા આલીંઘન, અધીરૂં થાએછે મન,
લાવ એકજ ચુંબંન, તારા અધુરનું હાશ,
ઢાંક માંથાની વેણુ,(૨) કાળી નાગણ તણી ફેણ,
ઘાયલ કરેછે નેણ જરા ધીરા નચાવ,
મળી બુલ બુલ, થૈઇ મેહેનત વસુલ,
આવ ધસી ધસી ગુલ, મને ગળે લગાવ.

૫૨

ગુલઝાર–આજ થઇ છે આનંદ એલી ઘણી પાર રહયો નહીં

હર્ષનો મારા છું દાશી આપ ચરણ તાણી. આજ.
**અલેશીંગ**-રશીક વાહાલી પ્રાણથી પ્યારી, ( ૨ )
તનમનતુજ પરવારી.
**ગુલઝાર**—પ્યારા વદો જરારે વીચારી. છું દાશી સદાની
થનારી છો આપ મારા મુગટ મણી. આજ.
**અલેશીંગ**-પ્રેમ કટારી ભર ભર મારી. સુધ બુધ સૌમેં
વીસારી
**ગુલઝાર**—નવ વદો એ વેણ ઉચારી. કરો પ્રીતી પાન રસ વારી
**અલેશીંગ**-મળી જોડી જાણે હીરા રત્ન કણી. આજ
**અલેશીંગ**— પદ
વાહાલી રશીલી છબીલી. સુણ શાણી.
લાગે મધુરી મધુરી તુજ વાણી
રંગીલી રસ ખાણ.
બની શીદ અંજાણ.
ચાલ ચમનતું માણ.
**ગુલઝાર**— વાહ. વાહ મારા પ્રાણ.
**અલેશીંગ**— તારી મીઠી મીઠી વાણ.
મારે મોહ તણું બાણ.
**ગુલઝાર**—હા હા રંગીલા પઠાણ પતી પ્રેમથી કરો પટરાણી.
**અલેશીંગ**—લાગે મધુરી મધુરી તુજ વાણી.

અતી સુખ ખાણી. જાણી તનેમે ઠકરાણી.
પાએ મ ત ણું પાંણી. મન તાણી મોજ માણી.
મારી પ્રેમની કટારી. પ્યારી મારી સુખ કારી.
નેન નચાવે મોહાવે રસ આણી. લાગે.
ગુલઝાર—ફુલડે વધાવું રસમાં ઝીલાવું પ્રેમ રસ પાવું નાથરે.
હસતાં, રમતાં, જમતાં, લો સુખ લ્હાણી. લાગે.
પ્રાણ માહારા. ચક્ષુના તારા. છો પ્યારા. રૂપાળા.
ચાલો રંગમાં રમાડું. પ્રેમ આણી. લાગે.

સખીઓ સાથે— ૫૪

સખી સરદ પુનેમની રાત સારી સોભે છે,
પ્રીય પતી શું મળવા આંત મન મુજ લોભેછે.
સખી અંગ ઉમંગ અપાર, રંગમાં રમીએરે,
અતી શીયળ વ્રતજ સાર, પીયુને નમીએરે.
ચંદ્ર ચડયો આકાશમાં, સરદ રતુ રજનીશ,
પુર્ણ પ્રકાશીદ ઉગીઓ, સખી ઉરમાં હર્ષ અતીશ.
રમવા રજનીરે, સખી સૈનું સાચું હોત સદગુણ સજનીરે,
સખી પીયુસું મળવા નીત્ય, લાગી લગનીરે,
સખી વીરહા નળથી ચીત્ત, વાપ્યો અગ્નીરે.
શશી કળા સોળે ચઢી, નાંખ્યાં કીર્ણો આ ઠાર,
ઉજવળતા છે અતી ઘણી, સખી બની રહી ખૂબ બહાર

આનંદ આજેછે,સખી ગગન મંડળ વીશાળ ગંભીર ગાજે.
સખી ભર જોબનમાં બાળ, પીયુ શું છાજે છે,
સખી સાથે દેતાં તાળ, ઝાંઝર વાજે છે.
ચોવન વેલી અતી ઘણી, ખીલી અંગ અપાર,
રામા રમાણુ રંગે રમે, સખી સરદ રૂતુ શૃંગાર.
સૌને સજીઓ છે, સખી મળવા મુજ ભરથાર,
સાણુગાર સજીઆ છે, સખી પ્રીતમ પ્રાણુ આધાર,
મુજ મન વશીઆ છે.

કેસરીસીંહ— ૫૫

વાહ અલબેલી રૂમઝુમ, રૂમઝુમ શું નાચે છે છ ન ન ન ન
ચોવન વેલી રહીછે ફુલી, નથની થરકે થ ન ન ન ન ન
તાળ દઈ તકતક થૈ નાચે, રાચે તનમાં ત ન ન ન ન ન
ઝાંઝર ઝમકે નેપુર ઠમકે, ઘુઘરી ઘમકે ઘ ન ન ન ન ન
અજબ બનીઆ રંભા સર્વે,વીજળી ઝબકે ઝ ન ન ન ન ન
ચકીત થયો છું જોઇ જુવાની, શબ્દ શાભળી શ ન ન ન ન ન
રશીક રૂપાળી દે છે તાળી, ફેરકે વાળી ફ ન ન ન ન ન
મન હરનારી છે બલીહારી, કાંબી ખખડે ક ન ન ન ન ન

૫૬

અંદ ચંદ્રજી- રંગીલા છે લાલરે, પીય મોહી છું આપ સંગેરે. રંગી

રમો રસીલા રંગેરે, રાખુ જતન કરીને મુજ પાસ
લાલા રસમાં ઝીલાવું યૈ દાસ, છે કામ પીડ,
ટળવાની આશરે. રંગી;

**કેશરીસીંહ**—રસીલી માંણ પ્યારી,
ચંદ્રવદની— છે તમને વારી વારી,
કેસરીશીંગ— કામણગારી છે ઠગારી નારીરે.
**ચંદ્રવદની**—જેવી તેવી પણ છુ તમારીરે
**કેસરીશીંગ**—તું છે અતી પ્યારી. મારી તન પ્રાણ
**ચંદ્રવદની**—વદો મધુરી મધુરી કાંઈ વાણ રંગ રસીઆ
છો અતી સુખ ખાણરે. રંગીલા.

૫૭

**ગુલઝાર**—આવો પતી અતી પ્યારા. કરું નહીં ક્ષણ એક
ન્યારા. આવો.
આપ વીયોગે ક્ષણ એક લાગેછે જુગ સમ નાથ હમારા,
માટે મેહેર કરી મુજ પાંસે રહો રાત દિવસ પ્યારા
છો મુજ લોચનના તારા. આવો.
સરસ રૂતુ શંગાર વસંત, ખુબ ખીલી રહી દીલદાર,
રંગે રમો પીઉ પ્રેમ ભરીને પ્રગટાંણી અનંદધારા
પાર નથી હર્સનો માહારા આવો.

આસેશીંગ— ૫૮

વાહાલી રસીલી રહી મન ખટકી. ( ૨ )
ચંદ્રવદન તેજ કમળ નયન જાણે ઘનથી વીજળી છટકી.
વાહાલી.
અધુર મધુર પર બીંદુ બીરાજે. શીશ મોતી સેરૂં લટકી
વાહાલી
અમુલ્ય રત્ન હાથે લાગેલું. જાણી જોઈ તેને કેમ
દઉં પટકી- વ્હાલી
સુરત મુરત તુજ સુંદર સારી. આવી મુજ અંતરમાં
અટકી; વાહાલી

૫૯

કનક—શ્રીક નફ્ટ નીડર ચોરી કરીને ક્યાં જાશે. ( ૨ )
જાણ ફસાયો છે ફાંસે મૃત્યુ હમણાંજ થાશે.
કરીશ તારો વીનાશે ઘણા ગોદા પામી ખાસે, નફ્ટ.
તસ્કર તણું આકામ કીધું છે. તેં કીધું છે.
વીષ તણું જળ જાણી જોઇને તેં પીધું છે. નફ્ટ.
એમ જાણીછે કે હવે કરીશ હું તારી ખ્વારી.
નાંખીશ પલમાં મારી. આપને સંકટ ભારી.
જોને હવે હાથ મારા, કરૂં કટકાજ તારા.
વરસાવું લોહી ધારા, છોડાવું પીતાને મારા.

થાઉં તૈયાર, સજી સૌ હથીઆર.
મારૂં માર, તરવાર, કરૂં દુષ્ટનેજ ખ્વાર.
દાઝ વળે જ્યારે આવું, સૌ હારી આવસે. નીચ નફ્ટ.

હનક— ૫૦

નીચ નફ્ટ તેં હરામી થૈને, વેર બાંધ્યું છે આમ મુજ સાથ,
જાણી પીછાની ગુન્હો કરીને, ઝંઘ મચાવ્યો હે કમજાત.
પણ નથી કાઢવાનો સાર, એમાં તું લગાર.
નક્કી જાણ જીવ જાશે, તારો એમાં સાર.
જોઇ લેજે કેવા હાલ કરૂં છું ગમાર,
માર ખાસે ખડગનો, થૈ લાચાર. ( ૨ ) નીચ નફ્ટ.

રતનમંજરી— ૫૧

ભાઇ ઝટ જાવોરે, લાવો માત પીતાને અહીયાં; ભાઇ.
યુધ્ધે ચડો મોરા વીર સુરવીર, ધરી ઠરી, રણ ફરી,
ધાવો રીપુ દળ મ્હાંય. ભાઇ.
જોવો, જાવો પલમાં પાપી, ને સંતાપી નાંખો કાપી,
અતી દુઃખ આપી, સુર વાપી, સામા લડો જઈ.
ક્રુર થૈ, સુર થૈ, સત્રુને સૈંહારો જઇ, પાછો પગદેજો નહીં,
ક્ષત્રી ટેક લેજો તકી, ખુબ લડજો, નવ ડરજો,
દળ માહીરે. ભાઈ.

હનક— ૫૨

બેન ધીરજ ધર ન ડરતું રે, જાવું ત્યાં હણવા દુસમન દળ
છળ બળ કળ થકી. ધીરજ.
સર્વે સત્રુને ઠાર, કરૂં લઇને તરવાર.
મારી, ફાડી, ત્રાડી, સંહારૂં, ને મા'રૂં મન ઠરતું રે. બેની.

૬૩

લશ્કર– થૈ સાવધ દૈ તન મન સરવે બાહાદુર જન,
મારફાડ કરવા સંગ્રામે ચાલો સૌ થન થન
રાખો સુર ધરીને હામ, કરવા રણ સંગ્રામ;
બાહાદુર ઝંગી, થૈ એક અંગી, લેજો સત્રુ પ્રાણ,
સૂર ધરી, દુર કરી, ચુર કરી, કૂર કરી, વાળો ઘાણ.
દુઃખ આપી, અમાપી, સૌ પાપીને કાપી, સૌ મારો
સન સન બાણ.
સૌ સરદારો, દુસમન ડારો, મારો માર અપાર.
ખડગ ચલાવી ખનનન ખનનન વરસાવો લોહી ધાર.
ખંજર ભાલા ખટ ખટ મારો, તરવારોને તીર.
ભચ ભચ ભચ ભચ ભાલા ભોંકો સત્રુને સરીર.
રણમાં રોળી મારો ગોળી, ગરજતા ગંભીર.
ધર ધ્રુજાવી નેક સજાવી, ચાલો સજ્જન વીર.
લટપટ ઝટપટ ચટપટ ચાલો, લલકારી સુરવીર.
મારો ફાડો ત્રાડો જઇને ઉડાવો સત્રુ શીર,

અભેશીંગ—　　　　૬૪

હાયરે ભવીશ, હાય, હાય, (૨)
હાયરે ભવીષ્યમાં શું લખ્યું.
પડયો છું બંધન, દુઃખ અખંડન, કેમ સહુજ થાય.
છોડા-વે- કોણ- મને- પડયો- કબજ આ ઠાર,
થયો ગજબ અપાર, રહેરે નીરાધાર,
લાચાર, લાચાર.　　હાયરે.
હાયરે હવે હું શું કરૂં, હાય હું ક્યાં ફસ્યો,
હાય હું ક્યાં વસ્યો.
ફસ્યો છે કેદ મોઝાર, છોડાવ-નાર-તું-દયાળ,
કરો પ્રભુ કૃપાય ધરો દીલે દયાય,
નહીં નહીં, ખમાય, શાહે, શાહે.　　હાયરે.
નથી બેલી કો આસમે, તું દુઃખભંજન તું સુખઅંજન,
તું છે નીરંજન રાય દયાય- મયાય- કરો કૃપાય,
થયોછું બંધીવાન, નથીજ સુધ્ધ સાન, બનાગયો બેભાન,
નીદાન નીધાન.　　—હાયરે.
કોમળ હૃદય છે પીચા, નથી જોઇ ભુખ, નથી જોયું દુઃખ,
રેહેતી અતી સુખમાંય, તે આંહાંય-મુઝાય- લાય- થાય,
ત્રશાએ જીવ જાય, જળ તે કોણ પાય, અતીજ દુઃખ થાય,
હાયરે.

હાય, હાય. હાયરે.

ગુલઝારની સખીઓ— ૬૫

પ્યારી તું તો પધારે છે સાસરે,
દુભાઇશ નહીં રે તું દીલડાની માંહાંય- પ્યારી.
પ્રભુ રૂપ પતીને તું જાણજે,
સુખ દેજે શ્યાણી તું સ્વામીને સદાય- પ્યારી.
વણ કામે પર ઘેર નારે જતી,
આજ્ઞા ઓળંગીસ નહીં તું જરાય- પ્યારી.
શીયળ સાચવજે તું પ્રીતથી,
કલંક ન લગાડીસ કુળની માંય- પ્યારી.
પર નીંદા મુખ નવ ભાંખીએ,
એથી ઘણો જસ જગમાંહી જ ગણાય- પ્યારી
શ્યાણી સખી વેહેલી વેહેલી વાધજે,
નીસદીન જપે એની શ્રી જગરાય. પ્યારી

રત્નમંજરી— ૬૬

લતા આ લીલી વ્રક્ષની, ઘટાવાળી સોહાતી,
કરેછે મનડું શાન્ત એ, દેખી હું મોહાતી. લતા
રમણીક રકત અંબની, કુંપળો ફુલાતી,
સુંદર શીતળ વાયુની, લ્હેરોથી લેહેકાતી. લતા.
આનંદથી આરામ લે, અહીં પક્ષીની જાતી,

કોયલ્લો ટૌકા કરે, જાણે ગીતો ગાતી. લતા.

૫૭

**કનક—**

પ્રણામ છે બેની તુંને મારા આખરના પ્રણામ,
જાએછે મારા પ્રાણરે, છે છેલ્લા રામ રામ. પ્રણામ.
નથી આશ જીવ્યાતણી, છુટી ગઇ મુજ હામ,
વ્યાપીગયું વીષ નાગનું, મારા અંગમાં તમામ. પ્રણામ.
જાવુંછું વાહાલી બેનડી, તને તજીને આમ,
રોમા રત્ન માહરી, રેહે છાની રાખી હાંમ. પ્રણામ.

૫૮

**રત્નમંજરી—**

ભાઈ ઉઠને બેઠો થાને સુતો સું આ વાસરે,
મુકી ટળવળતી તુજ બેન, અહીં કોને આશરે.
પડયા વીખુટાં માને બાપ, નથી સાહે કો તણી,
નીરાધાર તજી તુજ બેન ગયો કયાં મુગટ મણી.
હાય, હાય નહીં આ શેહેવાય, વીયોગ બંધુ તણો,
વણ અપરાધે શામાટે, પ્રભુ મુજને હણો.

૫૯

**અભેશીંગ—**

કયાં ગયા કુંવરી કુમાર ( ૨ ) થયો વાહાલા વીયોગી,
હાય આખરે હું ખ્વાર, હાય, હાય, હાય, કયાં.
બાળક બેન અહીં બેસાડી ગયો હું જળને માટ,
પાછો આવી જોતાં જીવને થાય ઘણોરે ઉચ્ચાટ.

ગુલ ગઇ હશે ક્યાં હાય વછયો શો દાટ.
હાય, હાય, હાય. ક્યાં
હાય ક્યાં સોધું હાય ક્યાં દેખું લાડકવાયાં બાળ.
જેમ જેમ જાએ વખત હાય તેમ પડે છે ફાળ,
મુજ પ્રાણથી પ્યારાઓનો થયો સું કાળ.
હાય, હાય, હાય. ક્યાં.
ઘણી મેહેનતે ગુલ મળી પણ આખર ગઇ દીલદાર,
મુજ નીરભાગીને એ જોડી છાજી નહીંરે લગાર.
ધીક્કાર હવે આ જીવતરને ધીક્કાર.
હાય, હાય, હાય. ક્યાં.

અભેશીંગ— ૭૦
હાય શી આ ગતે મારી, પડયાં અમ પર દુઃખ ભારી,
—હાય.
ક્યાંરે ગયો પ્યારો મુજ પુત્ર, કોમળ કનક કુમાર,
ક્યાં ગઇ હશે ગુલઝાર. પ્રીયા દીલદાર.
સકોમળ નાર, પ્રીય માહારી. હાય.
હાય, ક્યાં સોધું, હાય ક્યાં દેખું, ગુલ કનક ગુણવાના
ગયાં ક્યાંરે હશે મુજ પ્રાણ, વીયોગ દુઃખ બાણ,
કરે બહુ હાણ, અતી ભારી. હાય.
ક્યાં મુજ બંધુ, ક્યાં મુજ પુત્ર, ક્યાં હું ને ક્યાં ગુલ.

ક્યાં મળું તને બુલબુલ, પીધા ગુલ ગુલ, થયાં ક્યાં ફુલ.
પુત્રી પ્યારી. હાય.
ક્યાં મુજ માતા, ક્યાં મુજ પીતા, ક્યાં મારો દીલજાન,
ક્યાં ભમું ભયંકર રાન, થઇ હેરાન, ગઇ સુધ્ધ સાન.
છે લાચારી. હાય.

કેશરીસીંગ— ૭૧

ઓ ઇશ્વર જગકર્તા તારી, તકશીર કરી શી મેં ભારી;
કે દે છે દુઃખ અનહદ કારી, થા સાહે હવે તું મોરારી.– ઓ.
તુજ શરણે છું ચક્રધારી, કર મુજપર મેહેર વફાદારી;
વીનતી લો મારી સ્વીકારી, છો સેવકના તમે સુખકારી,
દુખ હરતાં છે તું ત્રીપુરારી, દે મુજને તું શાંન્તી સારી.- ઓ.
ખસ ખસ થઇ છે આખર મારી; શું કહું તુજને વારી વારી,
લે સઘળા શંકટ નીવારી, ઝાઝો ન થાતું અવીચારી,
જાચુંછું તુજને નીરધારી, દે અમન ચમન આનંદકારી.- ઓ.
તું ભકત વત્સલ બ્રદ ધારી, થઇ કેમ દમેછે મોરારી,
નરસૈંની હુંડી સ્વીકારી, વૃંદાને તેં મસ્તક ધારી,
ઉગારીછે અહલ્યા નારી; છે શરણું તરણ તું ગીરધારી- ઓ.
દે લેહેર મેહેર મોરલી ધારી, મેળવ મુજ બંધુ દીલદારી,
લાય લાય વછુટે દેહ મારી, હાય હાય થઇ મારી ખ્વારી,
ત્રાહે ત્રાહે કરૂં શું લાચારી, સાહે સાહે કરો વીલ હારી.- ઓ.

૭૨

પ્રતીની પ્યારી થૈ દુઃખીઆરી અતિ લાચારીમાં રહીછું,
કુંવર કુંમારીની થઇ ખ્વારી, હાય નોધારી થૈ રહી છું.
રત્ન કુમારી હાય બીચારી, કનકને ધારી રહીછું.
પ્રિય કરછે કુંવર મનહર સુખકર, હશે ક્યાં તે હર હર,
ફળ જડું ધર ધર.
થાય હાય ફરફર ઈશ્વર જગધર કરૂણા તું કર કર આફતો
અમારી હર.
ફીકરજ દુર કર દુખડાંજ ચુર કર આપી કુંવરી કુંવર
અમને આનંદ ધર. પતી.

સર્વસાથે— ૭૩

એ જગધર ઈશ્વર, દુખ હર, સુખ કર થયાં સર્વને સાહાય.
જગરાય, દુખમાંય, થઇ સાહે, વીઘ્ન હમારાં ક્ષણમાં હરનારા.
રેહેમના ધરનારા, પ્રેમના કરનારા, ચરણે તમારા રહીએ
સદાય; એ જગધર.
નાથ નીરંજન સુંદર, મનહર, નમન ચમન સજીએ સદા.
તુંને ભજીએ સદા. મોરારી, હમારી, લાચારી, ઉગારી,
ગીરધારી, ગુણકારી, છે તમ બલીહારી, લેને સુધી સારી,
દેઈને સુખાકારી, કીધી વરૂા. એ જગધર

**વીદુષક**— ૭૪

જોઇ તારૂં મુખ હું રાજી રાજી થાઉં મારી રંગીલી બાપડી,
જોઇ તારી આંખડી અહી અહી જાઉં મારી રંગીલી બાપડી,
વાહા તારો ચટકો ને વાહા તારો લટકો, વાહા તારી ચાલ
જોઇ જોઇ હરખાઉં મારી રંગીલી બાપડી; જોઇ.
વાણી મધુર સુણી થયો છું ચકચુર, જાણે પ્યાર કરી પાસે,
ધસી ધસી આવું મારી રંગીલી બાપડી, જોઇ.
મારી તું પ્રાણ છે, માહારી તું જાંન છે, તુજ માટે સારૂં.
સારૂં ખાવાનું લાવું મારી રંગલી બાપડી. જોઇ.
તન અને મન મારૂં તને અરપણ છે, ફરમાવે તે હું તારી
નોકરી ઉઠાવું મારી રંગીલી બાપડી, જોઈ
વાહ તારો ચુડલો ને વાહ તારો ચોટલો,
ઓસણો દેખીને જાણે ઢળી ઢળી જાઉં મારી રંગીલી બાપડી

**ગંગા**— વાહ, વાહ, વાહ, મારા સ્વામી છોગાળા,
**વીદુષક**— છીએ રૂપાળા,
**ગંગા** — કાજળથી કાળા;
**વીદુષક**— ન કર તું ચાળા;
**ગંગા**— હું તો કરવાનો બસ,
**વીદુષક**— માર ખાસે તું મસ.
**ગંગા** — જઇશ મૈયરમાં ચાલી,

**વીદુષક—** ના ના! એ વહાલી, સીદ જાએછે ડાહી, તારી બોલી
લાગેછે બહુ કાલી, એ મારી રંગીલી બાપડી.

**સર્વે સાથે—** ૭૫

પામ્યા, પામ્યા, પરી ગુલઝારરે, થઈ રહયો આનંદ અપાર,
વીદેશ જઇને નામ વધાર્યું, (૨) બંને ઉડયા, સપુત કુંમારરે. થઇ.
સાહે થયા શ્રીકૃષ્ણજી એને, (૨) દુર કરી, ને વીઘ્ન અપારરે. થઇ.
પ્રાક્રમ પુરા દાખવી સુરા, (૨) લાવ્યા લાવ્યા, સુલક્ષણી નારરે.
—થઇ.
ધન્ય દીવસ આજનો રઢીઆળો, બની બની, રહી ખુબ
બહાર રે. થઇ.

---



